# ગ્રામ વિકાસ વિભાગ
# ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ
# દીન દયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના (ડીડીયુ-જીકેવાય)

દીન દયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના (DDU-GKY) નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ થી અમલીકરણમાં આવેલ છે તથા આ યોજના રાજ્યના કુલ ૩૩ જીલ્લામાં વિસ્તરાયેલી છે તથા આ યોજનાનું મોનીટરીંગ "ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ" દ્વારા કરવામાં આવે છે. આ યોજના ૬૦% રાષ્ટ્રીય પુરુસ્કૃત અને ૪૦% રાજ્ય પુરુસ્કૃત યોજના છે.

**યોજનાનો ઉદ્દેશ**

- ગ્રામ્યસ્તરના ગરીબી રેખા નીચે જીવતા (બીપીએલ) યુવકો તથા યુવતીઓને તેમની જરૂરિયાત મુજબ કૌશલ્ય વર્ધન તાલીમ આપી, તેમના કૌશલ્યને NCVT/SSC મારફતે પ્રમાણિત કરી સંગઠિતક્ષેત્રે રોજગારીની તકો પૂરી પાડવી.
- સ્થાનિક ઉદ્યોગોની જરૂરિયાત મુજબ સ્થાનિક યુવક/યુવતિઓને તાલીમબદ્ધ કરી રોજગારી પૂરી પાડવાની બાંયધરી.
- યોજના અંતર્ગત અનુસુચિત જાતી-૨૦%, અનુસુચિત જન જાતી- ૪૩%, લઘુમતી-૧૨% તથા મહિલા લાભાર્થીઓને -૩૩% ખાસ અગ્રીમતા આપવામાં આવે છે.

**યોજનાનો લાભ:-**

- ૧૮ થી ૩૫ વર્ષની ગ્રામીણ વ્યક્તિ આ યોજનાનો લાભ મેળવી શકશે.
- ઓછામાં ઓછુ ધોરણ ૫ બાદ શાળાનું ભણતર પૂર્ણ કે અપૂર્ણ થયેલ ઉમેદવારોને તાલીમ આપવામા આવે છે.
- ૩ માસની તાલીમ મેળવ્યા બાદ સંગઠિત ક્ષેત્રે ઓછામાં ઓછા રૂ.૬૦૦૦/-, ૬ માસની તાલીમ મેળવ્યા બાદ ઓછામાં ઓછા રૂ.૮૦૦૦/-, ૯ માસની તાલીમ મેળવ્યા બાદ ઓછામાં ઓછા રૂ.૧૨૦૦૦/- અને ૧૨ માસની તાલીમ મેળવ્યા બાદ રૂ. ૧૫૦૦૦/-ના પગારથી રોજગારીની બાંયધરી આપવામાં આવે છે.
- **કૌશલ્યકોર્ષ :-**

  દીન દયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના દ્વારા ઓટોમોબાઈલ, હોસ્પીટાલીટી, ઇલેક્ટ્રિકલ, વેલ્ડર, રિટેલ સેલ્સ પર્સન, બીપીઓ વોઇસ તથા નોન વોઇસ,સીક્યુરીટી ગાર્ડ,ડીટીપી ઓપરેટર,એકાઉન્ટન્ટ એન્ડ ટેલી,મેડીકલ કેર, સ્યૂઇંગ મશીન ઓપરેટર, ફૂડ એન્ડ બેવરેજ સર્વિસીસ, ઈન્સ્યોરન્સ સેલ્સ આસોસિયેટ, બેંકીંગ સેલ્સ રીપ્રેસનટેટીવ, સીડ પ્રોસેસીંગ વર્કર, ઇમરજન્સી મેડીકલ ટેકનીશીયન, ઇલેક્ટ્રીશીયન ડોમેસ્ટીક,પ્લાસ્ટીક પ્રોસેસિંગ, બ્યુટી એન્ડ વેલનેશ, હાર્ડવેર એન્જીનીયર કોમ્પ્યુટર હાર્ડવેર,વગેરે જેવા NCVT/SSC સર્ટિફિકેટ માન્ય તમામ કૌશલ્ય કોર્ષની તાલીમ દ્વારા રોજગાર નિર્માણ સુનિશ્ચિત કરવામાં આવે છે.